૯૧

(૫૫)


# ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,

જલસેવા ભવન, છ રોડ, એરફોર્સ સામે, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
ટેલીફોન નં. ૯૧-૨૭૧૨-૨૨૪૨૩, ૨૨૪૧૭ ફેકસ - ૯૧-૨૭૧૨-૨૩૨૫૯૯૭


પરિપત્ર ક્રમાંક : અછત સેલ/લોકફાળો/૫૧ તા. ૨૫.૪.૨૦૦૫

પ રિ પ ત્ર :

ઉનાળામાં જયારે પીવાનાં પાણીની તંગી હોય ત્યારે પાણી પુરવઠા વિભાગ / બોર્ડ દ્વારા પીવાનું પાણી ઉપલબ્ધ કરવા માટે તાત્કાલિક પગલાં ભરવામાં આવે છે. હાલમાં ઉનાળાનાં સમયમાં જે ગામોમાં પીવાનાં પાણીના સોર્સ તરીકે ટયુબવેલ હોય છે ત્યાં સોર્સ નિષ્ફળ જવાથી નવો સોર્સ કરવાની કામગીરી તાત્કાલિક હાથ ધરવામાં આવે છે. આ કામમાં નવો ટયુબવેલ કરવો અને નજીકની પાઈપલાઈનમાંથી પીવાના પાણી માટેનું જોડાણ આપવા જેવી કામગીરી તાકીદનાં ધોરણે હાથ ધરવામાં આવે છે. નવા નિષ્ફળ ગયેલ બોરની સામે નવિન બોર બનાવવાની કામગીરીમાં ૧૦ ટકા લોકફાળો લેવાનું પ્રવર્તમાન ધારાધોરણ છે.

હાલના ઉનાળામાં પીવાના પાણીની અછત સમયમાં ઘણી બધી ગ્રામ પંચાયતો તથા પ્રજાના પ્રતિનિધિઓ તરફથી ગ્રામ પંચાયતોની આર્થિક સ્થિતિ નબળી હોવાને કારણે અંદાજના ૧૦ ટકા પ્રમાણે લોકફાળો ભરવામાંથી મુકિત આપવાની રજૂઆતો મળી છે. આ બાબત સરકારશ્રી તરફ વિચારણા માટે રજૂ કરવામાં આવી હતી. સરકારશ્રીએ આ બાબતે કાળજીપૂર્વક વિચારણાં કરીને નકકી કરેલ છે તે પ્રમાણે નવિન બોર (ટયુબવેલ) અને મોટર પંપના કામો માટે સરકારશ્રી તરફથી ૧૦૦ ટકા ફાળવણી કરવી. જો પંપ, મોટર તથા કેબલ/કોલમ વિગેરેનું રીપેરીંગ કરવાનું આવે અથવા નવા પંપની માંગણી થાય તો ૧૦ ટકા લોકફાળો લઈને પમ્પ આપવો. આ પ્રકારના કામો વિભાગને મળતી ગ્રાન્ટમાંથી તાત્કલિક શરૂ કરવી.

(પી. જી. ગદાણી)
સભ્ય સચિવ

નકલ રવાના પ્રતિ
મુખ્ય ઈજનેરશ્રી (સર્વે)
અધિક્ષક ઈજનેરશ્રી (સર્વે)
કાર્યપાલક ઈજનેરશ્રી (સર્વે)